# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-04-2025 Day: Monday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગઈકાલે પોર્ટુગલ અને સ્લોવાકિયાની મુલાકાતના પ્રથમ તબક્કામાં લિસ્બન જવા રવાના થયા છે. પોર્ટુગલની તેમની મુલાકાત દરમિયાન, તેઓ તેમના સમકક્ષ રાષ્ટ્રપતિ માર્સેલો રેબેલો ડીસૂઝાને મળશે. રાષ્ટ્રપતિની પોર્ટુગલ મુલાકાત 27 વર્ષ પછી થઈ રહી છે. આજે ભારત અને પોર્ટુગલ રાજદ્વારી સંબંધો પુનઃસ્થાપિત થયાના 50 વર્ષની ઉજવણી કરી રહ્યા છે.

---------------------------------------------------------------------------------------

## પીએમ-બ્રીજનું ઉદ્દઘાટન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશના ચારેય ખૂણાઓને જોડવા માટે, છેલ્લા દસ વર્ષમાં સરકારે માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવા માટે ઘણા પ્રયાસો કર્યા છે.

રામેશ્વરમમાં પંબન ખાતે વર્ટિકલ લિફ્ટ સી બ્રિજનું ઉદ્ઘાટન અને 8 હજાર 300 કરોડ રૂપિયાના વિકાસકામોનો શિલાન્યાસ કર્યા પછી તેમણે કહ્યું કે તમિલનાડુના વિકાસે રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપ્યો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે તમિલનાડુમાં માળખાકીય વિકાસ તેમની સરકારની પ્રાથમિકતા છે.

શ્રી મોદીએ પ્રાચીન તમિલ સંસ્કૃતિ અને ભાષાનો ઉલ્લેખ કર્યો. તેમણે રાજ્ય સરકારને વિનંતી કરી કે વિદ્યાર્થીઓને તેમની માતૃભાષામાં તબીબી શિક્ષણ મેળવવાની મંજૂરી આપવામાં આવે.

વર્ટિકલ લિફ્ટ સી બ્રિજને વીસમી સદીની અજાયબી ગણાવતા, તેમણે એન્જિનિયરોને અભિનંદન આપ્યા. આનાથી વેપાર, પર્યટન અને વ્યવસાય સરળ બનશે અને લોકોને રોજગારી મળશે.

---------------------------------------------------------------------------------------

અમિત શાહ-ઇફકો:

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું- ઈફકોએ નેનો યુરિયા અને નેનો ડીએપી વિકસાવી સમગ્ર વિશ્વમાં ભારતના સહકારિતા ક્ષેત્રનો ડંકો વગાડ્યો છે.
ગાંધીનગરના કલોલ ખાતે ઇફકોના માતૃ એકમ તેમજ સૌપ્રથમ યુરિયા નિર્માણ સંકુલની સુવર્ણ જયંતી સમારોહમાં શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું. આ પ્રસંગે તેમણે ઇફકોના નવા "બીજ સંશોધન કેન્દ્ર"નો શિલાન્યાસ પણ કર્યો હતો. શ્રી શાહે જણાવ્યું કે ઈફકોની 50 વર્ષની ગૌરવયાત્રા ખેતી, ઉત્પાદન, ગ્રામીણ અર્થતંત્ર અને ખેડૂતોની સમૃદ્ધિને સમર્પિત રહી છે. તેમણે ઉમેર્યું કે 'ત્રિભુવનદાસ સહકારી યુનિવર્સિટી' આગામી 50 વર્ષમાં સહકારિતા ક્ષેત્રે દેશની પ્રગતિની દિશા નક્કી કરશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે 57 સહકારી મંડળીઓથી શરૂ થયેલી ઇફકોની આ યાત્રામાં આજે 36 હજારથી વધુ સહકારી મંડળીઓ જોડાઈ છે.

---------------------------------------------------------------------------------------

ગુજરાત વિધાનસભા:

ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના પ્રમુખપદે સતત ત્રીજા વર્ષે જીતુ વાઘાણીની વરણી કરાઇ છે. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ વિધાનસભાની

તમામ નાણાકીય તથા બિન-નાણાકીય સમિતિઓની મુદ્દત સાતમા સત્ર સુધી લંબાવવાની જાહેરાત કરી હતી. શ્રી વાઘાણીના નેતૃત્વ હેઠળ પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિએ અત્યાર સુધીમાં અંદાજે ત્રણ લાખ 50 હજાર કરોડની નાણાકીય બજેટ જોગવાઈની તપાસ પૂર્ણ કરી છે.

------------------------------------------------------------------------------

આઇપીએલ:

ગુજરાત ટાઇટન્સ ટીમે સનરાઇઝર્સ હૈદરાબાદ ને 7 વિકેટે હરાવી ચાલુ આઇપીએલ ટુર્નામેન્ટમાં વિજયની હેટ્રિક નોંધાવી છે. હૈદરાબાદ ખાતે રમાયેલી આ મેચમાં હૈદરાબાદની ટીમે 8 વિકેટ ગુમાવી 152 રન કર્યા હતા. ગુજરાતની ટીમના મોહમ્મદ સિરાજે ચાર વિકેટ ઝડપી હતી.

જવાબ માં ગુજરાત ની ટીમે 3 વિકેટ ગુમાવી 153 રન કરી મેચ જીતી લીધી હતી. ગુજરાત તરફથી સુકાની શુભમન ગિલ 61 અને રુધર

ફોર્ડ 35 રને અણનમ રહ્યા હતા. જ્યારે વોશિંગટન સુંદરે 49 રન કર્યા હતા.

------------------------------------------------------------------------------

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો:

જિલ્લામાં આરોગ્ય માળખાને મજબુત કરવા માટે સરકાર દ્વારા વધુ 3 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં નખત્રાણા તાલુકાના કુલાય, ભુજ તાલુકાના લોડાઈ અને રાપર તાલુકાના અમરાપરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજ્યમાં જીઓ સ્પેશિયલ એનાલિસિસના આધારે આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતર તેમજ મુસાફરીના સમયના આધારે ચાર નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં કચ્છના ત્રણ ઉપરાંત દેવભૂમિ દ્વારકામાં ખંભાળિયા તાલુકાના વાડીનાર પીએચસીનો તેમાં સમાવેશ કરી 2 કરોડ 40 લાખ રૂપિયાના ખર્ચની મંજૂરી આપવામાં આવી છે.

આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ- 2, લેબોરેટરી ટેક્નિશિયન, જુનિયર સ્ટાફ નર્સ, સહિતના સ્ટાફની ભરતી કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------

<u>હવામાન:</u>

આજથી બે દિવસ રાજ્યના તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 10 એપ્રિલ સુધી કચ્છ અને સૌરાષ્ટ્રમાં હીટવેવ યથાવત રહેશે. આજે કચ્છમાં હીટવેવને લઈને રેડ એલર્ટ તેમજ પોરબંદર, રાજકોટમાં અને મોરબીમાં ઓરેન્જ એલર્ટ જ્યારે સુરેન્દ્રનગર , દીવ, જૂનાગઢ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને મહેસાણામાં યલો એલર્ટ અપાયું છે.

---------------------------------------------------------------------------------------------------